# શિશુવિહાર

પ્રથમ અંક : મે ૧૯૪૪

સદ્‌વિચારને આચરણમાં મૂકતી સંસ્થાનું સમાચાર પત્ર

સળંગ અંક : ૯૩૭ • ૧૫ જૂન ૨૦૨૩ • પાનાં : ૩૨ • વાર્ષિક લવાજમ રૂ.૫૦


## વિદ્યાપુરુષ શ્રી લાભશંકરભાઈ પુરોહિતના સાનિધ્યમાં માતૃભાષા સંવર્ધન પારિતોષિક




શબ્દ સાધના અને માનવસેવા યજ્ઞમાં નિત્ય આહુતિ આપી સમાજ પરિવર્તન માટે કટિબદ્ધ શિશુવિહાર સંસ્થાનાં ઉપક્રમે વર્ષ ૨૦૧૮થી પ્રારંભાયેલ ‘માતૃભાષા સંવર્ધન સન્માન’ કાર્યક્રમ તારીખ ૨ મે સંસ્થા પ્રાંગણમાં યોજાઈ ગયો.

ગુજરાતનાં સાહિત્ય જગતનાં વિદગ્ધ વિદ્યાપુરુષ શ્રી લાભશંકરભાઈ પુરોહિતના અધ્યક્ષ સ્થાને યોજાયેલ ‘માતૃભાષા સંવર્ધન’ પારિતોષિક ગુજરાત યુનિવર્સિટીનાં ભાષાભવનનાં અધ્યક્ષ ડૉ. અરવિંદભાઈ ભાંડારીને અર્પિત થયું.

ભાવનગરનાં જાગૃત નાગરિક અને વિદ્યાર્થીકાળમાં વાર્તા લેખન સાથે જોડાયેલ શ્રી અનિલભાઈ શ્રીધરાણીની પૂણ્યસ્મૃતિમાં યોજાયેલ પાંચમાં ઍવોર્ડ સમારોહમાં ગુજરાતનાં જાણીતા સાહિત્યકાર શ્રી નટવર





તંત્રી, પ્રકાશક, મુદ્રકઃ ડૉ. નાનકભાઈ ભટ્ટ

પ્રકાશન સ્થળ

શિશુવિહાર, પ્લોટ નંબર ૫૦૭, ઉત્તર કૃષ્ણનગર, ભાવનગર, ૩૬૪૦૦૧

Website: www.shishuvihar.in Email: shishuviharbhavnagar@gmail.com

Facebook: Shishuvihar Bhavnagar Mobile : 7043332100, 9574915736




આહલપરા સંકલિત પુસ્તક **‘સ્વર્ગસ્થ પણ સૌના હૃદયસ્થ અનિલભાઈ શ્રીધરાણી’** નું વિમોચન થયું.







આ પ્રસંગે ભાવનગરનાં સાહિત્ય જગતના શિરમોર ડૉ. વિનોદ જોષીએ વર્ષ ૧૯૮૦થી પ્રવૃત્ત શિશુવિહાર બુધસભાની પ્રવૃત્તિઓનો પરિચય આપ્યો હતો, જ્યારે અધ્યક્ષીય વકતવ્ય આપતા પૂજ્ય લાભશંકરભાઈએ માતૃભાષાનાં ગૌરવને ગુજરાતીઓ વારસા તરીકે જતન કરે તેવો આગ્રહ વ્યક્ત કર્યો હતો.

પ્રાધ્યાપક ડૉ. છાયાબહેન પારેખ તથા શ્રી સોનલબહેન દેસાઈનાં સંચાલન સાથે યોજાયેલ સમારોહમાં ડૉ. રાહુલ શ્રીધરાણીએ આભાર દર્શન કર્યું હતું. ૩૦૦થી વધુ નાગરિકોની પ્રેરક ઉપસ્થિતિમાં યોજાયેલ સમારોહ ભોજન સાથે સંપન્ન થયો હતો.

શિશુવિહાર સંસ્થાનાં
દીર્ઘકાલીન ટ્રસ્ટી
તથા
માતૃભાષા સંવર્ધન સન્માનના
:પ્રેષક:
**શ્રી અનિલભાઈ શ્રીધરાણી**






ભૂપેન્દ્ર પટેલ
મુખ્યમંત્રી, ગુજરાત રાજ્ય

તા. ૧૦-૦૫-૨૦૨૩

સ્નેહી શ્રી નટવરભાઈ,

સપ્રેમ નમસ્કાર.

આપ દ્વારા સંપાદિત પુસ્તક "સ્વર્ગસ્થ પણ સૌના હૃદયસ્થ અનિલભાઈ શ્રીધરાણી", અનન્ય ભેટરૂપે મળ્યાનો આનંદ છે.

ટૂંકીવાર્તાઓ જેમાં ૨૫ જેટલી વાર્તાઓમાં રહેલું વિષયવૈવિધ્ય, સ્મૃતિ તસવીરો અને શ્રદ્ધાંજલિ પત્રો અનિલભાઈના બહુઆયામી વ્યક્તિત્વને રજૂ કરતાં સરળ પ્રકરણો કે જે વાચકને લાગણી સભર તેમજ રસ તરબોળ કરે તેવાં છે.

પિતૃઋણને અદા કરવાની અમૂલ્ય ખેવના સાથે ડૉ. રાહુલભાઈ અને તૃપ્તિબેનની અભિલાષાને આપે આપેલ અનેરો ઓપ, મિત્રો, પરિવાર અને બહોળા વાચકગણ માટે ચિરસ્થાયી સંભારણું બની રહેશે એવી શુભેચ્છા પાઠવું છું.

આપનો,
(ભૂપેન્દ્ર પટેલ)

To,
Shree Natvarbhai Aahalpara,
'Shri Pavantanay', 101, Astor Flats,
Opp. Shyamal Sky Life Apatment,
B/h, Speedwell Party Plot,
Ambika Township, Mavadi Area,
Nana Mava Road, Rajkot-360005.
Mo. 9974009042
apro/ug/2023/05/10/vj

ગુજરાત રાજ્યનાં
મુખ્યમંત્રીશ્રીનો
**શુભેચ્છા પત્ર**

## ‘માતૃભાષા સંવર્ધન પારિતોષિક’થી સન્માનિત
## ગુજરાતી ભાષાવિજ્ઞાન પ્રાધ્યાપક
## ડૉ. અરવિંદભાઈ ભાંડારી-પરિચય



ગુજરાતી ભાષાશાસ્ત્રના વિદ્વાન, તજજ્ઞ ડૉ. અરવિંદભાઈ (જન્મ: ૧૮/૨/૧૯૫૧) ગુજરાત યુનિ.માં ભાષા વિભાગમાં સંનિષ્ઠ અધ્યાપક તેમજ વિભાગીય વડા તરીકે ૧૯૮૦થી ૨૦૧૩ સુધી ૩૩ વર્ષ પ્રવૃત્ત રહ્યા છે. માતૃભાષા (ગુજરાતી)નાં વૈજ્ઞાનિક સંવર્ધન માટે નિરંતર ચિંતનશીલ શ્રી ભાંડારી સાહેબના ગુજરાતી ભાષાના વિભક્તિ, વાક્યરચના, વ્યાકરણ, ક્રિયાપદ, લેખન-નીતિ જેવા વિષયોને આવરી લેતાં પુસ્તકો પ્રકાશિત થયા છે. ગુજરાતી ભાષાનાં ધો.૧ થી ૪ ના પાઠ્યપુસ્તકનાં લેખક, સંપાદક અને દ્વિતીય ભાષા તરીકે ગુજરાતી માટે ધો. ૬ થી ૮ના સલાહકારપદે તેમણે યોગદાન આપ્યું છે. ડૉ. યોગેન્દ્ર વ્યાસ સાથે તૈયાર થયેલ ‘શાલેય શબ્દાર્થ કોશ’, (શાળાના શિક્ષકો-વિદ્યાર્થીઓને ઉપયોગી શબ્દોના પર્યાય, વિરોધી શબ્દોનો કોશ) ‘અધ્યયનયાત્રાનાં પરિપાકરૂપ જર્મન-ગુજરાતી કોશ’ અને ‘ગુજરાતી શીખો’તેમનું વિશિષ્ટ પુસ્તક પ્રદાન છે.

શ્રી અરવિંદભાઈ આંબેડકર ઑપન યુનિ. માં સ્નાતક-અનુસ્નાતક કક્ષાએ ગુજરાતીમાં ભાષાંતરિત સાહિત્ય નિર્માણ માટે પોતાની સેવાઓ આપી રહ્યા છે. ગુજરાતી ભાષા શિક્ષણના પ્રચાર-પ્રસાર માટે તેઓ સતત ઉદ્યમશીલ છે. ગુજરાત સરકાર પ્રાયોજિત ગુજરાતી ઓનલાઈન અભ્યાસક્રમ, અમેરિકન ઈન્સ્ટિટ્યૂટ ઑફ ઈન્ડિયન સ્ટડિઝ અન્વયે અમેરિકન વિદ્યાર્થીઓ તેમજ ભારતીય સ્ટેટ બેંકના અધિકારીઓને ગુજરાતી શિક્ષણ આપવાના સ્તુત્ય કાર્ય કે ગુજરાતના શૈક્ષણિક અને તાલીમ પરિષદ તથા સર્વ શિક્ષા અભિયાન દ્વારા પ્રાથમિક શાળાનાં શિક્ષકોના તાલીમ કાર્યક્રમ વગેરેમાં તેમની પ્રસંશનીય કામગીરી રહી છે. પદ્મભૂષણ ઈલાબહેન ભટ્ટ સ્થાપિત અમદાવાદ સેવા સંસ્થાની ૧૦૦૦ મહિલાઓને સાક્ષર કરવામાં તેમની અદ્વિતીય ભૂમિકા નોંધનીય રહી છે. તેમનાં પુસ્તક ગુજરાતી વાક્યરચના, ગુજરાત સાહિત્ય અકાદમી અને ગુજરાત સાહિત્ય પરિષદ દ્વારા પુરસ્કૃત થયાં છે.

ગણમાન્ય ગુજરાતીને લોકભોગ્ય બનાવવામાં આજીવન સક્રિય ડૉ. અરવિંદભાઈનું સન્માન માતૃભાષાનું મહિમાગાન કરનારાઓ માટે ઉદ્દીપક સિદ્ધ થશે.

સંપર્ક: ૯૮૨૫૭૨૨૮૮૦

# ગ્રીષ્મ તાલીમ વર્ગનું સમાપન




કરાટે તાલીમ

શ્રી ઉર આશા ઝવેરી ફાઉન્ડેશનના સહકારથી ૧લી મે થી ૭ જૂન દરમિયાન ત્રણ તબક્કામાં ગ્રીષ્મ તાલીમ વર્ગ યોજાયો. જેમાં ૧૦૪ વિદ્યાર્થિનીઓ અને ૮૫ વિદ્યાર્થીઓએ ભાગ લઈ વિવિધ ૨૨ કૌશલ્યમાં તાલીમ પ્રાપ્ત કરી હતી.

૧૨-૧૨ દિવસ માટેના ત્રણ તાલીમ શિબિરમાં ઉત્તમ દેખાવ કરનાર ૩૮ વિદ્યાર્થીઓને સંસ્થા તરફથી વિશેષ પુરસ્કારથી પ્રોત્સાહિત કરવામાં આવ્યા. ઉપરાંત તમામ ૨૮૪ તાલીમાર્થીઓને પ્રમાણપત્ર તથા જીવન ઉપયોગી સાહિત્ય આપવામાં આવ્યું.

ઉનાળાની રજાઓમાં સર્જનાત્મક પ્રવૃત્તિના કાર્યક્રમોને ૩૬ દિવસ સુધી આયોજનબદ્ધ રીતે આગળ ધપાવવા માટે સંસ્થાના કાર્યકર શ્રી અનિલભાઈ બોરીચા અને શ્રી પરેશભાઈ પાઠકે જહેમત લીધી હતી. તેમજ વિવિધ કૌશલ્યનાં તજજ્ઞોએ નિષ્ઠાથી સેવા પૂરી પાડી બાળકોને વેકેશનના સદઉપયોગ માટે પ્રેર્યા છે, તે માટે સંસ્થા દ્વારા તજજ્ઞોને પુરસ્કૃત કરવામાં આવ્યાં.




સ્કેટિંગ તાલીમ




યોગ તાલીમ



સ્વ. અરૂણભાઈ ઝવેરી

# શ્રી ઉરઆશા ઝવેરી ફાઉન્ડેશનનાં સૌજન્યથી યોજાએલ સર્વાંગી તાલીમમાં ભાગ લેનાર વિદ્યાર્થીઓ અને શિક્ષકોની માહિતી

| તાલીમ કાર્યક્રમનું નામ | ૧ મે થી ૧૨ મે તાલીમાર્થી સંખ્યા | ૧૪ મે થી ૨૫ મે તાલીમાર્થી સંખ્યા | ૨૭ મેથી ૭ જૂન તાલીમાર્થી સંખ્યા | સેવાર્થી તજજ્ઞ સર્વ શ્રી |
|---|---|---|---|---|
| સ્કેટિંગ (સવાર) | 16 | 08 | 05 | રાજુભાઈ મકવાણા |
| સ્કેટિંગ (સાંજ) | 13 | 25 | 13 | અભિષેક ઝીઝુંવાડિયા |
| બ્યુટીપાર્લર | 14 | 04 | 04 | ઈલાબહેન સોલંકી |
| ચિત્ર (સવાર) | 11 | 04 | 00 | કરણભાઈ રાઠોડ |
| આર્ટ એન્ડ ક્રાફ્ટ | 02 | 00 | 00 | શ્રી પ્રીતિબહેન ભટ્ટ |
| ગ્લાસ પેઈન્ટિંગ | 02 | 00 | 00 | નિધિબહેન ઓઝા |
| અંગ્રેજી ગ્રામર | 06 | 11 | 00 | કરણભાઈ રાઠોડ |
| યોગ | 04 | 00 | 00 | પ્રીતિબહેન વાઘેલા |
| મહેંદી | 13 | 17 | 04 | ડિમ્પલબહેન વાજા |
| કરાટે | 07 | 11 | 00 | કૌશિકભાઈ વ્યાસ |
| **કુલ તાલીમાર્થીઓ** | 88 | 80 | 26 | = 194 |




મહેંદી તાલીમ




અંગ્રેજી ગ્રામર તાલીમ




બ્યુટીપાર્લર તાલીમ



ગ્લાસ પેન્ટિંગ તાલીમ

# ક્રીડાંગણના નિયમિત તાલીમાર્થીઓ માટે જીવનશિક્ષણ

| તાલીમ કાર્યક્રમનું નામ | તારીખ | સેવાર્થી તજજ્ઞ સર્વ શ્રી | તાલીમાર્થી સંખ્યા | તાલીમ કલાક |
|---|---|---|---|---|
| સ્કાઉટ કેમ્પ | ૧ થી ૭ મે | કમલેશભાઈ વેગડ | ૫૫ | ૭૦ |
| ક્રીડાંગણ પ્રવાસ | ૮ થી ૧૦ મે | અભિષેક ઝીઝુંવાડિયા | ૩૧ | ૬૫ |
| ક્રાફ્ટ તાલીમ | ૧૩ થી ૧૮ મે | પ્રીતિબહેન ભટ્ટ | ૫૫ | ૧૨ |
| ક્રિકેટ ટુર્નામેન્ટ | ૧૯ થી ૨૪ મે | રામભાઈ મકવાણા | ૫૫ | ૧૮ |
| સાયન્સ રિજિયોનલ સેન્ટર મુલાકાત | ૨૫ મે | જયપાલભાઈ વાઘેલા | ૫૫ | ૦૬ |
| પુસ્તકાલય | ૨૬ મે થી ૧ જૂન | નિર્મોહીબહેન ભટ્ટ | ૫૫ | ૧૨ |
| પાથ ફાઈન્ડર પ્રોજેક્ટ વર્ક | ૧ મે થી ૩૧ મે | કમલેશભાઈ વેગડ | ૫૫ | ૬૦ |
| તાલીમાર્થી પ્રવાસ | ૨૨ મે | પાર્થભાઈ બારૈયા | ૨૧ | ૧૪ |
| કબડ્ડી ટુર્નામેન્ટ | ૨ થી ૭ જૂન | ચિરાગભાઈ ગોહેલ | ૫૫ | ૧૨ |
| | | **કુલ તાલીમાર્થીઓ** | ૪૩૭ | |






સ્કાઉટ કેમ્પ





ક્રીડાંગણ પ્રવાસ





ક્રાફ્ટ તાલીમ



ક્રિકેટ ટુર્નામેન્ટ



રિજિયોનલ સાયન્સ સેન્ટર મુલાકાત



પુસ્તકાલય પ્રવૃતિ



તાલીમાર્થી પ્રવાસ



કબડ્ડી ટુર્નામેન્ટ

# મોંઘીબહેન બધેકા શિશુવિહાર બાલમંદિરનાં ઉપક્રમે યોજાયેલ જીવન શિક્ષણ તાલીમ

| તાલીમ કાર્યક્રમનું નામ | તાલીમ દિવસ | સેવાર્થી તજજ્ઞ સર્વ શ્રી | તાલીમાર્થી સંખ્યા |
|---|---|---|---|
| સંગીત | ૩ | શ્રી કમલાબહેન બોરીચા | ૩૫ |
| અભિવ્યક્તિ | ૩ | શ્રી મંદાબહેન ભટ્ટ | ૩૫ |
| આર્ટ એન્ડ ક્રાફ્ટ | ૩ | શ્રી પ્રીતિબહેન ભટ્ટ | ૩૫ |
| જીવન શિક્ષણ | ૩ | શ્રી ઉષાબહેન રાઠોડ | ૩૫ |
| | | કુલ તાલીમાર્થી | ૧૪૦ |









# શિશુવિહારથી પ્રારંભાયેલ સેવા સેતુ



આઝાદીનાં અમૃત મહોત્સવ પ્રસંગે આદરણીય મોરારિબાપુના સાનિધ્યમાં યોજાયેલ સમારોહથી ગુજરાતની ૭૫ સ્વૈચ્છિક સંસ્થાઓનું નાગરિક અભિવાદન થયું હતું. માનવજ્યોત ટ્રસ્ટ તથા શિશુવિહારના સંયુક્ત ઉપક્રમે શ્રી માનભાઈ ભટ્ટ સ્મારક સન્માન વર્ષ ૨૦૨૧-૨૨ અંતર્ગત ગાંધી વિચાર સાથે સમાજના  જરૂરિયાતમંદ લોકો સુધી મહાજન ભાવનાનો વિસ્તાર કરતી સ્વૈચ્છિક સંસ્થાઓનું રાજ્ય સ્તરે સંકલન થાય તે દિશામાં પ્રયત્ન શરૂ થયો છે.

ગુજરાતનાં પૂર્વ મુખ્ય સચિવ પી.કે.લહેરી, સમાજ વિજ્ઞાની ડૉ. વિદ્યુત જોષી, જાણીતા માનવવાદી ડૉ. ભરતભાઈ ભગત, પ્રકાશ ભટ્ટ શિક્ષણવિદશ્રી પ્રવીણભાઈ ઠક્કર ઉપરાંત માનવજ્યોતના અધ્યક્ષ શ્રી કુલિનભાઈ લુઠિયાના માર્ગદર્શન હેઠળ અમરેલી, જૂનાગઢ, ભૂજ, દ્વારકા, જામનગર, અમદાવાદ, ગાંધીનગર તેમ ઉત્તર ગુજરાતથી પાટણ અને બનાસકાંઠાને આવરી ૨૫૦થી વધુ સંસ્થાઓને એકત્ર કરી સ્વૈચ્છિક સંસ્થાઓના સંકલન હેતુને સુદઢ કરવા નિષ્ણાત માર્ગદર્શન સાથે ક્રમબદ્ધ બેઠકો થઈ છે.

ગાંધી અને સર્વોદય વિચાર સાથે જોડાયેલ ગુજરાતની સ્વૈચ્છિક સંસ્થાઓનાં સંચાલન પ્રશ્નોને હલ કરવા માટે રચાયેલ સેવા સેતુનાં ઉપક્રમે તા. ૪ જૂને શિશુવિહારનાં નિમંત્રણથી ભાવનગર અને બોટાદ જિલ્લાની સ્વૈચ્છિક સંસ્થાઓની બેઠક યોજવામાં આવી.

આ ઉપક્રમે નિમંત્રક સંસ્થા તરીકે શિશુવિહાર સંસ્થાનાં મંત્રી અને સેવા સેતુના સંયોજક ડૉ. નાનકભાઈ ભટ્ટે સહુનું સ્વાગત કરતા ઉપક્રમની અનિવાર્યતા જણાવી હતી. કાર્યક્રમનાં પ્રથમ સત્રમાં ભાવનગરની જાણીતી ચાટર્ડ અકાઉન્ટન ફર્મનાં અધ્યક્ષ શ્રી મનોજભાઈ સંઘવી અને નિષ્ણાતો દ્વારા સ્વૈચ્છિક સંસ્થાઓ માટે અનિવાર્ય અકાઉન્ટન્ટ, ઈન્કમટેક્ષ તથા ટ્રસ્ટ એક્ટથી સહુને વાકેફ કર્યા હતા.

સેવા સેતુનાં કો-ઓર્ડિનેટર ડૉ. નેહલભાઈ ત્રિવેદી દ્વારા ભોજન પછીના સત્રમાં સ્વૈચ્છિક સંસ્થાઓનાં સંકલન પ્રશ્નો અને સી.એસ.આર. થકી ફંડ પ્રપોઝલ વિષયે માહિતીનું આદાન પ્રદાન કર્યું હતું. તેમ સંસ્થા સંચાલન વિષયે પ્રશ્નોતરી થઈ હતી.

નવી સામાજિક અને રાજકીય પરિસ્થિતિ વચ્ચે ગુજરાતની સાંસ્કૃતિક વિરાસત તરીકે કાર્યાન્વિત મહાજન પરંપરાને જાળવી રાખવાના હેતુને બળવત્તર કરનાર વિચાર સાથે શિશુવિહાર પ્રાંગણમાં યોજાયેલ બેઠક આવકારદાયી રહી હતી.

# શિશુવિહાર પ્રાંગણમાં યોજાયેલ વિશિષ્ટ પ્રવૃત્તિઓ



• ગુજરાતનાં ૬૪મા સ્થાપના દિને શિશુવિહાર પ્રાંગણમાં કંકાવટી ગ્રુપની ૪૦૦ બહેનો 'અભિવ્યક્તિ ઉત્સવ' માટે એકત્ર થઈ હતી. શ્રી રાજશ્રીબહેન પરમારનાં માર્ગદર્શન હેઠળ એકત્ર મહિલા જૂથની બહનોને મહાનુભાવોનું માર્ગદર્શન સાંપડ્યું. ૧લી મે શિશુવિહાર રંગમંચ ઉપર યોજાયેલ કાર્યક્રમ સમયે બહેનોએ ભાતીગળ સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કરી સ્વરુચિ ભોજનનો આનંદ લીધો હતો.

• મધુર સ્વર સંસ્થાનો ૨૦મો સાંસ્કૃતિક કાર્યક્રમ ૭ મે એ રંગમચ પર પ્રસ્તુતિ પામ્યો. શ્રી કિરીટભાઈ, વિજયભાઈ અને મિત્ર વર્તુળના ગીતોને માણવા માટે ૧૫૦થી વધુ શ્રોતાઓ પધાર્યા હતા.






• સ્વ. વિજયભાઈ વલ્લભભાઈ કટારિયાની પુણ્યતિથિ નિમિત્તે કટારિયા પરિવાર દ્વારા શિશુવિહારનાં સહયોગથી શ્રી નાડોદા રાજપુત સમાજની વાડી ઢસા જંક્શન ખાતે વિનામૂલ્યે આંખની તપાસ તથા ચશ્માં વિતરણ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. શિશુવિહારની આરોગ્ય ટીમના સહકારથી ૧૩ મે શનિવારે યોજાયેલ ૩૩૯/૧ માં દૃષ્ટિ ચકાસણી શિબિરમાં ૨૮૨ દર્દીઓની આંખ તપાસ અને જરૂરિયાત અનુસાર ચશ્માં વિતરણ કરવામાં આવેલ. આ કાર્યક્રમ માટે શ્રી કમલેશભાઈ વેગડ, શ્રી દીપાબહેન જોશી, શ્રી હીનાબહેન ભટ્ટ તથા શ્રી શિવભદ્રસિંહ રાણાએ સેવા આપેલ.

• ભાવનગર શહેર નાગરિક સમિતિની બેઠક તા.૧૩ મે શિશુવિહાર ખાતે સાંજે ૫:૩૦ કલાકે મળી હતી. શહેરનાં જાગૃત નાગરિક અને ગૌ પ્રચારક વકીલ શ્રી વિનુભાઈ ગાંધીની અધ્યક્ષતામાં મળેલ બેઠકમાં 'જળ સમસ્યા' વિષયે વિગતે ચર્ચા થઈ હતી. સવિશેષ કલ્પસર યોજનાની અનિવાર્યતાને લઈ શ્રી વિનુભાઈએ ઉપસ્થિત ૨૮ નાગરિકને અવગત કર્યા હતા.




• શ્રી સોલંકી કીર્તિભાઈના સંગીત નિયોજન તળે 'વાસુકી કરાઓકે ગ્રુપ'નો કરાઓકે આધારિત જૂના હિન્દી ફિલ્મી ગીતોનો કાર્યક્રમ ૧૪ મે સંસ્થા રંગમંચ ઉપર યોજાઈ ગયો. આ કાર્યક્રમને માણવા ૨૦૦થી વધુ સંગીત પ્રેમીઓ ઉપસ્થિત રહ્યા હતા.



• શિશુવિહાર સંસ્થાની આરોગ્ય ટીમ દ્વારા 'ટ્રુશેપ પ્રિસિજન કાસ્ટિંગ્સ પ્રા. લિમિટેડ' કંપનીનાં કર્મચારઓની સ્વાસ્થ્ય કાળજી માટે કંપની પરિસરમાં મેડિકલ કેમ્પ યોજવામાં આવેલ. તા.૧૬ મે મંગળવારે યોજાયેલ આરોગ્ય શિબિર (ક્રમાંક ૩૩૯/૨)માં ૧૦૯ કર્મચારીઓની લોહીમાં હિમોગ્લોબિન તપાસ તથા ૯૪ લોકોની આંખ તપાસ કરી ચશ્માં આપવામાં આવેલ. ટ્રુશેપ કંપનીનાં GMHR શ્રી શબનમબહેન કપાસીનાં આયોજન હેઠળ શિશુવિહાર સંસ્થાનાં કો-ઓર્ડિનેટર શ્રી હીનાબહેન ભટ્ટે પ્રવૃત્તિ સંકલન કર્યુ હતું. આરોગ્ય શિબિર પ્રસંગે યોજાયેલ રક્તદાન શિબિરમાં કમલેશભાઈ વેગડ તથા રાજુભાઈ મકવાણાએ ૩૦૦ સી.સી. રક્તદાન કર્યુ હતું.



• દેશના જાણીતા ખગોળ વિજ્ઞાની અને ચારુસેટ યુનિવર્સિટીનાં પૂર્વ વાઈસ ચાન્સેલર ડૉ. પંકજભાઈ જોષીની અધ્યક્ષતામાં તારીખ ૧૭ મે શહેરનાં ગણિત અને વિજ્ઞાન વિષય સાથે જોડાયેલ શિક્ષકોની બેઠક યોજાઈ. પ્રવર્તમાન સ્થિતિમાં ગુજરાતનાં ધોરણ ૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓ શા માટે ગણિત વિજ્ઞાન વિષયમાં નબળો દેખાવ કરી રહ્યા છે તે વિષયની ચર્ચા બાદ ડૉ. પંકજભાઈએ વિદ્યાર્થીઓ અને શિક્ષકોને વર્ગખંડમાં જે પ્રશ્નો ઉદ્‌ભવે છે તેને ઉચ્ચકક્ષા સુધી લઈ જવા ખાત્રી આપેલ. ૧૨થી વધુ તજજ્ઞોની બેઠકનું સંકલન શ્રી પરેશભાઈ ત્રિવેદીએ કર્યું હતું.




• પરમાર્થ ફાઉન્ડેશન તથા શિશુવિહારનાં સંયુક્ત સંયોજનથી ધોરણ ૧૦ અને ૧૨ સામાન્ય પ્રવાહ તથા ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહ માટે કારકિર્દી માર્ગદર્શન વાર્તાલાપ સંસ્થા પ્રાંગણમાં યોજાઈ ગયો. તારીખ ૨૦ શનિવારે યોજાયેલ કાર્યક્રમમાં વિદ્યાર્થી ભાઈ-બહેનોને ધોરણ ૧૦ પછી મળતા વિવિધ અભ્યાસક્રમો, ધોરણ ૧૧ અને ૧૨ ઘરે બેઠા ભણો, તથા ધોરણ ૧૨ પછી સામાન્ય પ્રવાહના વિદ્યાર્થી માટે વ્યવસાયલક્ષી અભ્યાસક્રમોની માહિતી પ્રશ્નોતરીથી જાણકારી આપવામાં આવી હતી. સાથોસાથ વિજ્ઞાન પ્રવાહના એ તથા બી ગ્રુપના વિદ્યાર્થીઓને મળતા વિવિધ અભ્યાસક્રમોની માહિતી ઉપરાંત અભ્યાસક્રમો પછી રોજગારની તકો વિશે જાણકારી આપવામાં આવી. શ્રી બીપિનભાઈ શાહના માર્ગદર્શનથી યોજાયેલ કાર્યક્રમમાં ૩૦ વિદ્યાર્થીઓ અને વાલીઓએ લાભ લીધો હતો.



• એગ્રોસેલ ઈન્ડસ્ટ્રિઝ આસપાસના ગ્રામ્ય વિસ્તારની બહેનોની તાલીમ માટે યોજાયેલ તરુણી વિકાસ શિબિર અંતર્ગત ૬૦ વિદ્યાર્થિનીઓ તારીખ ૨૧એ સંસ્થાની મુલાકાતે આવી હતી. આ પ્રસંગે શ્રી રોબર્ટભાઈ તથા કિશોરસિંહના માર્ગદર્શન હેઠળ શિશુવિહારની આરોગ્ય ટીમ દ્વારા (શિબિર ક્રમાંક ૩૩૯/૩થી) બહેનોની આંખ તપાસ અને લોહીમાં હિમોગ્લોબિન તપાસ સાથે જરૂરી દવા આપવામાં આવેલ. રસોડામાં કામ કરતા સમયે ગેસ સિલિન્ડરથી સંભાળ, શિક્ષણ કાર્ય પૂરું થયાં પછી ગામડાંમાં રહીને વિવિધ વ્યવસાયો દ્વારા સ્વનિર્ભર થવા બાબતે પણ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંકલન શિશુવિહાર સંસ્થાનાં ટ્રસ્ટી શ્રી હરેશભાઈએ કર્યુ હતું.




• શ્રી પ્રશાંતભાઈ ભટ્ટના સંકલનતળે સૂર સંગમ સંસ્થાનો સપ્તસુરી સંધ્યાને ૭૦મો જૂના હિન્દી ફિલ્મી ગીતોનો કાર્યક્રમ તા.૨૧મે સંસ્થા રંગમંચ પર યોજાઈ ગયો. ૩૫૦થી વધુ સંગીતપ્રેમીઓની ઉપસ્થિતિમાં યોજાયેલ કાર્યક્રમનું સંકલન શ્રી દેવુભાઈ, ભાવનાબહેન તથા પ્રશાંતભાઈના સંગીત નિયોજનમાં રચાયું હતુ.




• નટરાજ કલા સંસ્થાનો 'એક સાંજ આપની સાથે' કેતન આવસત્થી પરિકલ્પના આધારિત ૧૪૬મો સંગીત કાર્યક્રમ અનમોલ નગ્મે ૨૮મે સાંજે શિશુવિહાર રંગમંચ પર થયો. ડૉ. વિજય સંપટ, રુષિભાઈ પંડયા, પ્રવીણભાઈ વ્યાસ, અને મિત્રોએ ગીતોની પ્રસ્તુતી કરી હતી. કાર્યક્રમનું રસદર્શન પિન્કી ભટ્ટ દ્વારા થયું. વરસાદી માહોલ વચ્ચે પણ કાર્યક્રમને માણવા ૧૫૦થી વધુ સંગીત પ્રેમીઓ પધાર્યા હતા.

## આરોગ્ય

### ૪૬૨ તથા ૪૬૩મો પ્રભુકૃપા નેત્રયજ્ઞ:






શિશુવિહાર સંસ્થામાં શ્રી હરેશભાઈ નવનીતરાય વડોદરિયા પરિવારના સૌજન્યથી શ્રી તપનભાઈ હરેશભાઈ વડોદરિયાની ઉપસ્થિતિમાં ૪૬૨મો નેત્રયજ્ઞ તેમજ મુંબઈ સ્થિત શ્રી હસમુખભાઈ દામોદરભાઈ સરવૈયાના સૌજન્યથી ૪૬૩મો નેત્રયજ્ઞ તારીખ ૨૬ મેએ યોજાયો.

ગુજરાત અંધત્વ નિવારણ સોસાયટી તથા શિવાનંદ આઈ

હૉસ્પિટલનાં સહયોગથી યોજાયેલ પ્રભુકૃપા નેત્રયજ્ઞમાં ૮૯ દર્દીઓની આંખ તપાસ વીરનગરના ડૉ. શ્રી હિરવાબહેન પટેલની ટીમ દ્વારા કરવામાં આવી. લાભાન્વિત દર્દીઓને શિશુવિહાર પરિસરમાં 'ડૉ. મીનાક્ષીબહેન ભરતભાઈ ગરીવાલા' ભોજનાલયમાં સવારે ચા-નાસ્તો અને બપોરે ભોજન બાદ કેટ્રેક્ટ સર્જરી માટે ૨૬ દર્દીઓને એટેન્ડન્ટ સાથે ખાસ બસમાં વિરનગર લઈ જવામાં આવ્યા.

'દર્દી દેવો ભવ:'ની ભાવનાથી વર્ષ ૧૯૬૮થી ચાલતા પ્રભુકૃપા નેત્રયજ્ઞમાં શિશુવિહાર સંસ્થાનાં તમામ કાર્યકરોએ સેવા આપી હતી.

પરીખ ફાઉન્ડેશન તરફથી શિશુવિહાર સંસ્થાને મળેલ AC બસમાં વિરનગર (રાજકોટ)થી આઈ સર્જરી પેશન્ટને ભાવનગર પરત લાવવામાં આવ્યા હતા.

સંચાલક: શ્રી રાજુભાઈ મકવાણા

## જીવન શિક્ષણ (કૌશલ્ય તાલીમ)

### ક્રીડાંગણ-સ્કાઉટ તાલીમ

મે માસ દરમિયાન નિયમિત રીતે આવતા તાલીમાર્થીઓની સંખ્યા ૫૫ રહી હતી. માસ દરમિયાન ક્રિકેટ, કબડ્ડી તેમજ બેઝબોલ પ્રકારે સામૂહિક રમતો રમાડવામાં આવી હતી. સાંય પ્રાર્થના સમયે આર્યન, મોહિત, યશ, ચંદ્રેશ, કુલદીપનો જન્મદિવસ પ્રસાદ સ્મૃતિભેટ સાથે ઉજવાયો.

સંસ્થાનાં કાર્યકર શ્રી ગુલાબબાનાં તથા ચિ. પાર્થ અને નિધિનાં જન્મદિવસ નિમિત્તે સ્કાઉટને નાસ્તો આપવામાં આવેલ. પ્રતિવર્ષ માફક શ્રી ડૉ. હર્ષદરાય પંડયાની પૂણ્યસ્મૃતિમાં શ્રી શારદાબહેન હર્ષદરાય પંડયા (મુંબઈ) દ્વારા ૨૦૦ બાળકોને તેમજ સ્વ. હિમાંશુભાઈ મૂકેશભાઈ પટેલની પુણ્યતિથિએ બાળકોને ભોજન આપવામાં આવેલ.

ઉનાળાનાં વેકેશનનો સદ્‌ઉપયોગ તરીકે તા.૧ મે થી ૮ જૂન દરમિયાન શિશુવિહાર ક્રીડાંગણના બાળકો માટે સમર કેમ્પ યોજાયો. જેમાં સ્કાઉટ કેમ્પ, ક્રિકેટ ટુર્નામેન્ટ, પુસ્તકાલય તાલીમ, ક્રાફટ તાલીમ, પાથ ફાઈન્ડર, પ્રોજેક્ટ વર્ક તેમજ કબડ્ડી ટુર્નામેન્ટ યોજાઈ હતી. શિશુવિહાર સંસ્થાની ૮૪ વર્ષની પરંપરા મુજબ યોજાયેલ સમર કેમ્પમાં ૫૫ વિદ્યાર્થીઓએ ભાગ લઈ ઉત્કૃષ્ટ દેખાવ કરેલ છે. આ ઉપક્રમે મોટા સ્કાઉટને જૂનાગઢ, સોમનાથ, દ્વારકા, પોરબંદરનાં ત્રિદિવસીય પ્રવાસે લઈ જવામાં આવેલ. જ્યારે નાના સ્કાઉટ માટે ગોપનાથ, તળાજા, બગદાણાનો એક દિવસ માટે પ્રવાસ યોજેલ.

તા. ૨૫ મેએ ભાવનગરમાં કાર્યાન્વિત રિજિયોનલ સાયન્સ સેન્ટરનાં શૈક્ષણિક પ્રવાસે શિશુવિહારના ૫૫ વિદ્યાર્થીઓ ગયા હતાં. ધોરણ ૮ થી ૧૨ના

વિદ્યાર્થીઓને વિજ્ઞાનનગરીમાં અતિ ઉપયોગી શૈક્ષણિક જાણકારી મળી હતી. આ પ્રસંગે શ્રી નિર્મોહીબહેન નાનકભાઈ ભટ્ટ તરફથી સાયન્સ સેન્ટરની મેસમાં ભોજન સુવિધા મળી હતી.

## SSC તેમજ HSC બોર્ડ દ્વારા ૨૦૨૨-૨૩માં લેવાયેલની પરીક્ષામાં ક્રીડાંગણનાં તાલીમાર્થીઓના ઉત્કૃષ્ટ દેખાવ માટે અભિનંદન

### SSC



મયંક બારૈયા
73.92%tile



વિરેન રાઠોડ
62.33%tile



અર્જૂન પરાડકર
59.15%tile



સોહન મકવાણા
50.24%tile

### HSC (આર્ટ્સ)




ચિરાગ ગોહેલ
96.34%tile



હર્ષ ચુડાસમા
80.24%tile



પાર્થ બારૈયા
77.70%tile



રામ મકવાણા
62.91%tile



જયપાલ વાઘેલા
57.83%tile

### HSC (કોમર્સ)




વૈભવ સોલંકી
92.25%tile



સુમિત પરમાર
24.78%tile

સંચાલકઃ શ્રી કમલેશભાઈ વેગડ

## વયસ્કો માટે ૩૪૨મી દૃષ્ટિચકાસણી શિબિર:

શ્રી સુધાબહેન કનુભાઈ શાહ ચેરિટેબલ ટ્રસ્ટનાં સૌજન્યથી મે માસમાં ૪ શનિવારે તથા અન્ય ૩ સ્થળે દૃષ્ટિ ચકાસણી શિબિર યોજાઈ. શ્રી કમલેશભાઈ વેગડ દ્વારા Auto Refractometer દ્વારા ૪૭૩ વયસ્કોની આંખ તપાસ બાદ જરૂરિયાત મુજબ ચશ્માંનું વિતરણ કરવામાં આવ્યું હતું.




સંચાલક: શ્રી દીપાબહેન જોશી

## ફિઝિયોથૅરાપી તથા ફિટનેસ સેન્ટર:

શ્રી શેઠ પરિવાર પ્રેરિત ફિઝિયોથૅરાપી સેન્ટરમાં સવારે ૯:૩૦ થી ૧૨:૩૦ તથા સાંજના ૪:૩૦થી ૭ દરમિયાન શરીરનાં વિવિધ દુ:ખાવાની સારવાર આપવામાં આવે છે. ડૉ. જાહ્નવીબહેન તેજાણીનાં કન્સલ્ટેશન હેઠળ મે માસમાં ૩૧૭ દર્દીઓએ સારવાર લીધી હતી. ફિટનેસમાં ૩ ભાઈઓ આવ્યા હતા.



સંચાલક: શ્રી નિશાબહેન બારૈયા

## શ્રી સુશીલાબહેન રમણિકલાલ મહેતા મેડિકલ સેન્ટર:

મે માસમાં શ્રી સુશીલાબહેન રમણિકલાલ મહેતા મેડિકલ સેન્ટરમાં સોમવાર થી શુક્રવાર સાંજના ૪ થી ૬ દરમિયાન ઍલોપેથીની સારવારનો લાભ ૧૦૩૨ દર્દીઓએ લીધો હતો. મેડિકલ સેન્ટરનાં નિષ્ણાત ડૉક્ટર દ્વારા જરૂરિયાત મુજબ દર્દીઓને નિ:શુલ્ક દવા આપવામાં આવેલ.



સંચાલક: ડૉ.અરવિંદભાઈ ત્રિવેદી



## આરોગ્યવર્ધક ઔષધિ પીણું:

શ્રી નિશીથભાઈ મહેતાના સૌજન્યથી ચાલતા આરોગ્યવર્ધક ઔષધિ પરબમાં સાંજનાં ૫:૩૦ થી ૬:૩૦ દરમિયાન ઉકાળો મળે છે. શરીરની ઈમ્યુનિટી વધારવાના ઉપાય સ્વરૂપે આ સેવાનો લાભ માસ દરમિયાન ૯૦૮ નાગરિકોએ લીધેલો. સંચાલક: શ્રી નરસિંહભાઈ મકવાણા

# સંસ્કાર સાહિત્ય પ્રકાશન



## શ્રી ગોખલે જ્ઞાન મંદિર પુસ્તકાલય-શિશુવિહાર

સંયોજન: રાજા રામમોહન રૉય ફાઉન્ડેશન

મે માસમાં ૩૦ વાચક સભ્યોએ ૧૩૦ પુસ્તકો વાચ્યાં હતાં. **સંસ્થા પુસ્તકાલયમાં ભેટ સ્વરૂપે મળેલાં પુસ્તકો, જેનો સાભાર સ્વીકાર છે.**

'ઋષિ દર્શન' (૫૦ પુસ્તકો) (શ્રી નટુભાઈ એલ. કળથિયા), 'શાંતિ પ્રાર્થના', ગાય અને આયુર્વેદ' (શ્રી સુરેશભાઈ કોઠારી), 'જ્યાં સ્ત્રી રોગનાં ડૉક્ટર ના હોય' ૨ પુસ્તકો(શ્રી ભૈરવીબહેન), 'રાજ મુગટ', 'અજિતા', 'શરદ ગ્રંથાવલી', 'લોકજીવનના મોતી' ૧૦૦૦ પુસ્તકો (શ્રી કલ્પેશભાઈ ભડિયાદ્રા)

સંચાલક :શ્રી દીપાબહેન જોષી



## બાલદેવ વન:

મે માસ દરમિયાન શ્રી તદ્રૂપાનંદ બાલદેવવન તથા ઍક્સેલ ક્રોપ કૅર લિ. પ્રેરિત 'નૉલેજ પાર્ક'માં ૧૨૫ બાળકો પોતાનાં વાલી સાથે રમવા આવ્યાં હતાં. કે.જી.ટી. ટ્યુશન કલાસનાં ૩૦, મહિલા સેવા સમાજનાં ૬૦, ગ્લોબલ કીડ્સ પ્રી-સ્કૂલનાં ૨૦, પતંગા કીડ્સનાં ૧૫ ઉપરાંત આસપાસનાં રહિશો ૪૩૮૫ તેમ કુલ ૪૫૧૦ બાળકોએ મુક્ત-મને રમી આનંદ માણ્યો હતો. બાલદેવવનમાં રમવા આવતાં તમામ બાળકોને સંસ્થા તરફથી'બાળ આરોગ્ય સૂત્ર'પુસ્તિકા ભેટ આપવામાં આવેલ.

સંચાલક: શ્રી હીનાબહેન ભટ્ટ



## માંદગી સાધનસહાય:

માંદગીવશ હંગામી ધોરણે દર્દીઓને ઉપયોગી બનતાં સાધનો શિશુવિહાર સંસ્થામાંથી ૩૦ દિવસ માટે નિયત ડિપૉઝિટથી આપવામાં આવે છે. મે માસ દરમિયાન સ્વ.ફૂલચંદભાઈ પી. તંબોળી ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા ઉપલબ્ધ સાધનોનો ૭૨ દર્દીઓએ લાભ લીધો હતો.

શ્રી કિશોરભાઈ પરમાર તરફથી નેમ્બ્યુલાઈઝર મશીન ભેટ મળેલ છે. સંસ્થા દાતાશ્રીનો આભાર માને છે. સંચાલક: શ્રી અનિલભાઈ જોષી

### તાલીમઃ

શિશુવિહાર સંસ્થાનાં વિભાગીય સંવાહકોની બેઠક તારીખ ૩ મે યોજાયેલ, જેમાં માસ દરમિયાનનાં નિયત કાર્યો તથા આયોજિત કાર્યો પૈકી બાકી રહેલ કાર્યોનું મૂલ્યાંકન તથા સંસ્થાગત કાર્યો અંગે કાર્યકરો સાથે ચર્ચા કરવામાં આવી હતી.

સંચાલકઃ શ્રી હીનાબહેન ભટ્ટ

### કમ્પ્યૂટર શિક્ષણ તાલીમ વર્ગઃ

શિશુવિહાર સંસ્થામાં સ્વ.કાળીદાસભાઈ વળિયા પરિવારની સહાયથી ચાલતા કમ્પ્યૂટર શિક્ષણ તાલીમ વર્ગ અંતર્ગત કમ્પ્યૂટર બેઝિક તેમજ સી.સી.સી કોર્સમાં ૧૨ તાલીમાર્થી શિક્ષણ મેળવી રહ્યાં છે.

સંચાલકઃ શ્રી હેતલબહેન ઓઝા

## મહિલા ઉત્કર્ષ અને વ્યાવસાયિક તાલીમ

ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી ડિસ્ટન્સ લર્નિંગ સેન્ટર દ્વારા માન્યતા પ્રાપ્ત

### જ્યોતિમંડળ મહિલા સીવણ તાલીમઃ



મે માસ દરમિયાન સીવણ તાલીમ વર્ગમાં બહેનોની સંખ્યા ૨૮ રહી હતી. માસ દરમિયાન બહેનોને શ્રી રતનબહેને બાંધણી વર્કની ડિઝાઈન, એમ્બ્રોડરીની જુદી-જુદી ડિઝાઈન વિશે માહિતી આપેલ. તેમજ ૨૨ મેએ સીવણની ૧૧ બહેનોએ ગોપનાથ, બગદાણા, તળાજા ખાતે પ્રવાસ માણેલ.

સંચાલકઃ શ્રી ગુલાબબા ગોહિલ

## સંગીત વર્ગ:

મે માસ દરમિયાન સંસ્થાના સંગીત વર્ગમાં ૪ તાલીમાર્થીને સુગમ તથા ફિલ્મી ગીત-સંગીતની તાલીમ આપવામાં આવેલ.

સંચાલક :શ્રી દેવુભાઈ મહેતા

## દિવ્યજીવન:

શિશુવિહાર દિવ્યજીવનની પ્રાર્થના માસનાં પ્રત્યેક શુક્રવારે સાંજે ૬ વાગે યોજાય છે. જેમાં જિજ્ઞાસુ  સાધકો ભાગ લે છે. મે માસની ૨૪મીએ પૂજ્ય સ્વામી ચિદાનંદજી મહારાજની પાદુકાપૂજનનો કાર્યક્રમ યોજાયો હતો.

- શ્રી ઈન્દાબહેન ભટ્ટ

## મનોરંજન:

બાલમંદિર અને શાળા-કૉલેજનાં વિદ્યાર્થીઓ માટે ૭ વિવિધ પ્રકારોમાં ૮૪ પોશાક સંસ્થાનાં મનોરંજન વિભાગમાંથી સાંજનાં ૪:૩૦ થી ૭:૩૦ દરમિયાન મળી શકે છે. મે માસ દરમિયાન બે સંસ્થાએ મનોરંજનના પોશાકનો લાભ લીધો હતો.

સંચાલક: શ્રી દક્ષાબહેન ગોહેલ



## સ્વ-રોજગાર:

સંસ્થાની સ્વ-રોજગાર પ્રવૃત્તિ અંતર્ગત ૩ શ્રમિક બહેનો દ્વારા  મે માસમાં કાપડની ૬૬૦ થેલી તૈયાર થતાં રૂ.૨૬૪૦/-ની રોજગારી મેળવેલ છે. પર્યાવરણ જાળવણી માટે પ્લાસ્ટિક વપરાશને ઘટાડવા માટેના સંસ્થાનાં પ્રયત્નોને ગતિ આપતા **અત્યાર સુધીમાં ૮૨,૩૪૬ કાપડની થેલીઓ** જરૂરિયાતમંદ કુટુંબો સુધી પહોંચાડવામાં આવી છે.

સંચાલક :શ્રી દક્ષાબહેન ગોહેલ

## બુધસભા:




વર્ષ ૧૯૮૦થી અવિરત ચાલતી શિશુવિહાર બુધસભાની મે માસની ૨૦૩૩મી બેઠકનું સંચાલન શ્રી માનસીબહેનને કર્યું હતું. સ્વરચના પઠન ઉપરાંત ડૉ. અરવિંદભાઈ ભાંડારીએ ભાષા સંવર્ધન અને વ્યાકરણ વિષયે સંશોધનાત્મક તારણો દર્શાવ્યા હતા. આ પ્રસંગે ડૉ. ઉમાકાંત રાજ્યગુરુએ ભાષાશાસ્ત્ર, વ્યાકરણ અને સંધિ જોડણીનાં સરળ નિયમો વિશે વાત કરી હતી. જ્યારે ડૉ. વિનોદ જોશીએ પ્રવર્તમાન ભાષા પ્રવાહો અને કવિતા વિષે

ઉપસ્થિત કવિ-કવયિત્રીઓને અવગત કરેલ. મહેમાનશ્રી નલિનભાઈ પંડિત, હિરેનભાઈ ભટ્ટ, પરેશભાઈ ત્રિવેદી, અને છાયાબહેન પારેખે ચર્ચામાં ઉપસ્થિત રહી બુધસભાને રસપ્રદ બનાવી. આ બેઠકમાં ૪૭ કવિઓની હાજરી ઉત્સાહપૂર્ણ રહી હતી.

બુધસભાની બીજી બેઠક, અવસર અભિવ્યક્તિમાં ગ્રીષ્મ ઋતુને વધાવતી રચનાઓ રજૂ થઈ હતી. નવસારી તેમજ મહુવાથી પધારેલ કવિમિત્રોએ ભાગ લીધો હતો. સંચાલન શ્રી અંજનાબહેન ગોસ્વામીનું રહેલ. બેઠકમાં ૪૦ કવિ-કવયિત્રીઓએ ભાગ લીધેલ.

મે માસની ત્રીજી બેઠકમાં વિશેષ ઉપક્રમ સાથે સર્જનની પૂર્વ ક્ષણોમાં મહેમાન કવિ વક્તવ્ય અંતર્ગત જાણીતા કવિ શ્રી જયેશભાઈ ભટ્ટ દ્વારા પોતાની કાવ્યસર્જન પ્રક્રિયા વિશે વાત કરી પ્રેરણા આપી અને કાવ્યસર્જન ખોડ ખાંપણવાળું ન રહે એ સજાગતા સાથે કવિઓને કામ કરવાની વાત કરી હતી. આ બેઠકમાં ૩૫ કવિ-કવયિત્રીઓએ ભાગ લીધો હતો. સંચાલન જિજ્ઞાબહેન ત્રિવેદીનું રહ્યુ હતું.

મે માસની ચોથી બેઠક શ્રી લાલજીભાઈ બાંભણિયાના સંચાલન હેઠળ યોજાઈ. કવિ વિશેષ ઉપક્રમે શ્રી જીતુભાઈ વાઢેર કવિ શ્રી હરજી લવજી દામાણી શયદા વિશે વાતો કરી હતી. આ બેઠકમાં ૩૦ કવિ-કવયિત્રીઓએ હાજર રહી પોતાની રચના રજૂ કરી હતી.

આ માસનો પાંચમો બુધવાર અને ૨૨૩૭મી બેઠકમાં મુશાયરાનો ક્રમ રહ્યો હતો.સંચાલન શ્રી દર્શનાબહેન રાવલે કર્યું હતું. મહુવાથી પધારેલ કવિ શ્રી પાર્થભાઈ મહેતા, શ્રી મનિષભાઈ શિયાળ અને ઘનશ્યામભાઈ પરમારનું સંસ્થા સાહિત્યી સન્માન કરવામાં આવ્યું. બેઠકમાં ૩૫ કવિ-કવયિત્રીઓએ હાજર રહી પોતાની રચના રજૂ કરી હતી. એકંદરે આ મુશાયરો સુંદર રહ્યો હતો. મે માસ દરમિયાન પાંચેય બેઠકોમાં ૧૮૭ કાવ્ય સ્નેહીજનોની ઉપસ્થિતિ રસપ્રદ બની રહી હતી.

સંચાલક: શ્રી દીપાબહેન જોષી

## સાભાર સ્વીકાર



શ્રી મૂકેશભાઈ ભટ્ટે ૭૧મા જન્મદિવસે, પૂજ્ય હીરાબહેનની સ્મૃતિમાં અપાતી કન્યા કેળવણી સહાય અંતર્ગત નઈ તાલીમની શાળાઓમાં ભણતી અને હૉસ્ટેલમાં રહેતી ધોરણ ૧૦ અને ૧૨ની ૨૦૦ બહેનોને ૩.૫ લાખની શૈક્ષણિક સહાય કરી છે તે માટે શિશુવિહાર સંસ્થાનાં ટ્રસ્ટીઓ અને કાર્યકરો શ્રી મૂકેશભાઈને અભિનંદન અને આભાર પાઠવે છે.



## • સદ્‌ભાવભરી સ્વૈચ્છિક સહાય •
### સંસ્થા સૌનો હાર્દિક આભાર માને છે

### • સદ્‌ભાવભરી સ્વૈચ્છિક સહાયનાં દાતાશ્રીઓ •

| | | |
|---|---|---|
| 1,00,000.00 | શ્રી મનિષભાઈ ધીરજલાલ દેસાઈ | આરોગ્ય |
| 1,00,000.00 | શ્રી મહેશભાઈ હરિભાઈ મહેતા | હસ્તઉદ્યોગ(કાયમી ફંડ) |
| 51,000.00 | શ્રી સંજયભાઈ વેદ | આરોગ્ય,શૈક્ષણિક સહાય |
| 25,000.00 | શ્રી કૃપાલી પરીન દામાણી | સર્વાંગી સહાય |
| 20,000.00 | શ્રી હરેશભાઈ નવનીતભાઈ વડોદરિયા | નેત્રયજ્ઞ |
| 20,000.00 | શ્રી ઓમ શાંતિ ટ્રસ્ટ (હ.સુનિલભાઈ વડોદરિયા) | નેત્રયજ્ઞ |
| 10,000.00 | શ્રી નીશિથભાઈ મહેતા | ઉકાળા પરબ |
| 10,000.00 | શ્રી શારદાબહેન એચ. પંડયા | પોષક આહાર |
| 10,000.00 | શ્રી મથુરદાસ મગનલાલ (વિસનગર ગૌશાળા ચેરિટિ ટ્રસ્ટ) | આરોગ્ય સહાય |
| 5,000.00 | શ્રી દીપકભાઈ નવીનચંદ્ર જોગી | શૈક્ષણિક સહાય |
| 5,000.00 | શ્રી સુધાબહેન કનુભાઈ શાહ ચે. ટ્રસ્ટ | દૃષ્ટિ ચકાસણી |
| 5,000.00 | શ્રી અમુભાઈ પી. રવાણી | સર્વાંગી સહાય |
| 5,000.00 | શ્રી ઈન્દાબહેન એમ. ભટ્ટ | મહિલા ઉત્કર્ષ |
| 5,000.00 | શ્રી હેમેન્દ્રભાઈ સી. વળિયા | મહિલા ઉત્કર્ષ |
| 5,000.00 | શ્રી નિર્મોહીબહેન નાનકભાઈ ભટ્ટ | સર્વાંગી સહાય |
| 3,000.00 | શ્રી નિરવભાઈ એ. શાહ | શૈક્ષણિક સહાય |

## પ્રચાર-પ્રસાર



### મે માસમાં પંચવર્ષીય લવાજમ રૂ.૨૫૦/-ભરી સભ્ય થનાર મિત્ર

ડૉ. કુમારપાળ દેસાઈ-અમદાવાદ, શ્રી રોહિણીબહેન જોષી-મુંબઈ, શ્રી શોએબ કુરેશી-ભાવનગર

સંચાલક: શ્રી દક્ષાબહેન ગોહેલ



### અખબાર તથા ટેલીવિઝનમાં શિશુવિહાર

રાજ્યનાં વિવિધ ૨૬ ગુજરાતી અખબારોમાં સંસ્થાની પ્રવૃત્તિઓની મે માસમાં ૧૫૦ પ્રેસનોટ પ્રકાશિત થઈ હતી. તથા ૫ ઈલેક્ટ્રોનિક મીડિયામાં પ્રકાશિત કરવામાં આવી હતી.

મે માસમાં સંસ્થાનાં ફેસબુકનાં followersની સંખ્યા ૪.૯K અને ઈન્સ્ટાગ્રામનાં followersની સંખ્યા ૫૪૭ રહી હતી.

સંચાલક: શ્રી અનિલભાઈ બોરીચા

## શિશુવિહારનું પ્રકાશન : 'બાલ આરોગ્ય સૂત્રો'




'યશલક્ષ્મી પરિવારનાં સૌજન્યથી પ્રતિવર્ષ શિષ્ટ સાહિત્ય પ્રકાશન અંતર્ગત વર્ષ ૨૦૨૩માં 'બાલ આરોગ્ય સૂત્રો' પુસ્તિકા બાળકોનાં વાલીઓ માટે ઉપલબ્ધ કરવામાં આવી છે. વર્ષ ૨૦૧૦ પછી ત્રીજી આવૃત્તિમાં પ્રકાશિત ૬૦,૦૦૦ પુસ્તિકા આજે બાલદેવવનમાં રમવા આવતા બાળકોનાં ઘર-ઘર સુધી પહોંચતા કુલ ૧,૬૦,૦૦૦ વાલીઓને બાળ આરોગ્ય વિષયે યોગ્ય માગદર્શન ઉપલબ્ધ બન્યું છે, જે પ્રશંસનીય બને છે.

## શ્રદ્ધાંજલિ

## સ્વ. હરીશભાઈ નવનીતભાઈ વડોદરિયા



શિશુવિહારનાં ભૂતપૂર્વ વિદ્યાર્થી અને સંસ્થાની અનેક સેવાકીય પ્રવૃત્તિઓના સહયોગી શ્રી હરીશભાઈ નવનીતભાઈ વડોદરિયાના સ્વર્ગવાસથી શિશુવિહાર પરિવાર શોકની લાગણી અનુભવે છે.

પૂજ્ય ગુણવંતભાઈ તારાબહેન અને સુનિલભાઈ વડોદરિયાની નેત્ર સેવાથી અનેક જરૂરિયાતમંદ દર્દીઓ લાભાન્વિત થયા છે, જે અનુકરણીય બને છે.

ઈશ્વર સ્વર્ગસ્થના આત્માને ચિરશાંતિ આપે તથા સર્વ કુટુંબીજનોને પુનઃ સ્વસ્થતા આપે તેવી પ્રાર્થના.

# જનસેવામાં શિશુવિહારની આરોગ્ય પ્રવૃત્તિ વર્ષઃ૨૦૨૨

## પ્રભુકૃપા નેત્રયજ્ઞ

વર્ષ ૧૯૬૮માં શરૂ થયેલ નેત્રયજ્ઞ પ્રવૃત્તિ દ્વારા વર્ષ ૨૦૨૨ (ડિસેમ્બર) સુધીમાં ૪૫૩ કાર્યક્રમો થકી ૧,૨૧,૧૫૮ દરદીઓની આંખ તપાસ તથા ૧૮,૮૫૯ દરદીઓને વિનામૂલ્યે કેટરેક્ટની સારવાર મળી છે. દાતાઓના અનન્ય સહકાર અને શિવાનંદ આઈ હૉસ્પિટલ વિરનગરના ડૉક્ટરોની માનવસેવાની પ્રતીતિ રૂપે સાતત્ય પૂર્ણ રીતે ચાલતા યજ્ઞમાં શિશુવિહારનાં સેવાભાવી કાર્યકરોની પણ અનન્ય સેવા મળી છે. વર્ષ ૨૦૧૯-૨૨માં કોવિડ સ્થિતિ વચ્ચે પણ ૮૨ નેત્રયજ્ઞ થકી ૧૭૫૦ ગરીબોને આંખની સારવાર મળી છે, જે નોંધનીય બને છે.

| ક્રમાંક | શિબિર સંખ્યા | સમયગાળો | આંખ તપાસ દર્દીની સંખ્યા | ઑપરેશન દર્દીની સંખ્યા |
|---|---|---|---|---|
| 1 | 355 થી 390 | 2019 થી 2020 | 4786 | 1026 |
| 2 | 391 થી 453 | 2021 થી 2022 | 4800 | 946 |
| | પ્રવૃત્તિ અંતર્ગત આરોગ્ય સેવા | | 1,21,158 | 18,859 |

## વયસ્કો માટે નેત્ર નિદાન તથા ચશ્માં વિતરણ

વર્ષ ૧૯૯૮થી નિરમા લિમિટેડ ભાવનગરની CSR એક્ટિવીટી તરીકે સંસ્થા ગ્રામ્ય વિસ્તારોમાં આરોગ્ય શિબિર યોજે છે. દર મહિને યોજાતા ગ્રામ્ય આરોગ્ય શિબિરો દ્વારા ૨૦૨૨ સુધીમાં ૮૮ શિબિરો થકી ૮,૧૨૭થી વધુ લોકોની આરોગ્ય તપાસ થઈ.

શહેરના શ્રમિક વિસ્તારોમાં પ્રત્યેક માસના ચોથા રવિવારે યોજાતા વયસ્કો માટેના દૃષ્ટિ ચકાસણી શિબિરો દ્વારા ૩૫૭૪૦ જરૂરિયાતમંદોને ૩૩૫ શિબિરો દ્વારા ચશ્માં અને દવાનું સેવાભાવથી વિતરત કરવામાં આવેલ.

કુલ આંખની તપાસના દર્દીઓની સંખ્યા ૩૫૭૪૦ અને ચશ્માં વિતરણના લાભાર્થીઓની કુલ સંખ્યા ૩૩,૭૪૦ રહી છે.

| ક્રમાંક | શિબિર સંખ્યા | સમયગાળો | આંખ તપાસ દર્દીની સંખ્યા | ઑપરેશન દર્દીની સંખ્યા |
|---|---|---|---|---|
| 1 | 270 થી 308 | 2019 થી 2020 | 3199 | 3199 |
| 2 | 309 થી 335 | 2021 થી 2022 | 2217 | 2217 |
| | પ્રવૃત્તિ અંતર્ગત આરોગ્ય સેવા | | 35740 | 33740 |

## શાળાના વિદ્યાર્થીઓ માટે દૃષ્ટિ ચકાસણી તથા દવા-ચશ્માં વિતરણ

વર્ષ ૨૦૦૯થી મહાનગરપાલિકા સંચાલિત શાળામાં અભ્યાસ કરતા ૩૫૦૦૦ બાળકોની આંખ તપાસ તથા ચશ્માં વિતરણ કાર્યક્રમ શરૂ કર્યો. સંસ્થાના ઉપક્રમે ૨૦૨૨ સુધીમાં શાળાના ૮૪૯ નેત્રનિદાન કાર્યક્રમો યોજાયા. જેમાં ૫૩,૩૯૧ બાળકોની આંખ તપાસ બાદ ચશ્માં-દવા આપવામાં આવ્યાં. ભાવનગરના વૈષ્ણવ ગૃહસ્થ શ્રી સુધાબહેન કનુભાઈ શાહની અનન્ય સહાય થકી અનેક બાળકો લાભાન્વિત થયા છે. કુલ શિબિરોની ૨૦૧૯-૨૦ થી ૨૦૨૧-૨૨ દરમિયાન બાળકોની આંખની તપાસ કરાઈ, તથા ૧૧૪૪૨ બાળકોને ચશ્માં તથા ૧૧૪૪૨ બાળકોને દવા વિતરણ કરવામાં આવી.

| ક્રમાંક | શિબિર સંખ્યા | સમયગાળો | બાળકોની આંખ તપાસ | ચશ્માં વિતરણ | દવા વિતરણ |
|---|---|---|---|---|---|
| 1 | 672 થી 741 | 2019 થી 2020 | 3987 | 1902 | 1902 |
| 2 | 742 થી 849 | 2021 થી 2022 | 4514 | 2122 | 2122 |
| | પ્રવૃત્તિ અંતર્ગત આરોગ્ય સેવા | | 53391 | 11442 | 11442 |

## પ્રાથમિક શાળાઓમાં વિદ્યાર્થીઓના લોહીમાં હીમોગ્લોબિનની તપાસ

કુપોષિત બાળકોમાં હિમોગ્લોબિનની ઉણપ અને તેમાં થતા રોગોને નિવારવા શિશુવિહારે વર્ષ ૨૦૧૫થી શાળાઓમાં ભણતાં વિદ્યાર્થીઓમાં હીમોગ્લોબિન તપાસ કાર્યક્રમ ઍક્સેલ ક્રોપ કેર ભાવનગરની CSR એક્ટિવીટી તરીકે શાળામાં પેથોલોજિસ્ટની ટીમ દ્વારા તપાસ કરી વિનામૂલ્યે સારવાર કરી તથા વાલી જાગૃતિ કાર્યક્રમો યોજવામાં આવે છે. શહેરની ૫૫ શાળાઓમાં દર વરસે ૩૭૬ શિબિરો થકી ૧૦,૧૬૯ બાળકોની તપાસ કરવામાં આવી. ૨૦૧૯-૨૦ થી ૨૦૨૨ સુધીમાં ૩૪૮ થી ૪૦૨ કાર્યક્રમો યોજાયા. જેમા કુલ ૧૩,૪૪૩ બાળકોની તપાસ કરી ૭,૪૧૯ બાળકોને દવા આપવામાં આવી.

| ક્રમાંક | યોજેલ કાર્યક્રમની સંખ્યા | સમયગાળો | તપાસ સંખ્યા | દવા સંખ્યા |
|---|---|---|---|---|
| 1 | 291 થી 344 | 2019 થી 2020 | 2000 | 1502 |
| 2 | 345 થી 347 | 2020 થી 2021 | 182 | 91 |
| 3 | 348 થી 402 | 2021 થી 2022 | 2205 | 635 |
| | પ્રવૃત્તિ અંતર્ગત આરોગ્ય સેવા | | 13443 | 7419 |

## આંગણવાડીમાં તાલીમ લેવા આવતા બાળકો પૈકી કુપોષિત બાળકો માટે પોષક આહાર

ભાવનગર શહેરના ૩૧૬ આંગણવાડી કેન્દ્રના અતિ કુપોષિત ભૂલકાંઓને હૈદ્રાબાદ મિક્ષ્ચર નામે પોષક આહાર (સુખડી)ના ૮૦,૨૫૬ પેકેટ વર્ષ ૨૦૧૭-૧૮માં ૨૭૨ અતિ કુપોષિત બાળકોને પોષક આહાર તરીકે અપાયા. છેલ્લા ૬ વર્ષથી ચાલતી પોષક આહાર પ્રવૃત્તિમાં શહેરના મધુસિલિકાના અધ્યક્ષ રમેશભાઈ શાહનો સહયોગ મળ્યો છે. તેમજ રાજ્ય સરકારે શિશુવિહારની સેવાકીય પ્રવૃત્તિની સરાહના કરી છે. કોવિડ સ્થિતિવશાત છેલ્લાં અઢી વર્ષથી આંગણવાડી-બાલમંદિરો બંધ હોવાથી જૂન ૨૦૨૨થી ફરી આ કાર્ય પ્રારંભાશે.

| ક્રમાંક | વર્ષ | લાભાર્થી અતિકુપોષિત | વિતરણ કરેલ હૈદ્રાબાદ મિક્ચર પેકેટ સંખ્યા | કુપોષણ મુક્ત બાળકોની સંખ્યા |
|---|---|---|---|---|
| 1 | 2019 થી 2020 | 85752 | 82560 | 516 |
| 2 | 2021 થી 2022 | 1536 | | |

## આરોગ્ય વર્ધક ઉકાળા પરબ

નાગરિકોની જાહેર સુખાકારી માટે શિશુવિહાર સંસ્થામાં આરોગ્યવર્ધક ઉકાળાની પ્રવૃત્તિ શ્રી નીશિથભાઈ મહેતાના સૌજન્યથી શરૂ કરી છે. ૧૯૬૦થી રોજ સાંજે ૩૨ ઓસડિયા યુક્ત ઉકાળો સાંજે ૫ થી ૭ દરમિયાન આપવામાં આવે છે. રોજના સરેરાશ ૧૫૦ થી વધુ આબાલ વૃદ્ધ સૌ કોઈ ઉકાળા પરબનો સહર્ષ લાભ લે છે. પ્રતિવર્ષ સંસ્થાની મુલાકાતે આવતા ૬ લાખથી વધુ નાગરિકોને આ બાબતમાં પ્રશિક્ષિત કરવાના પ્રયાસો થાય છે. ઉકાળા કેન્દ્રમાં છેલ્લા ત્રણ વર્ષમાં લાભાર્થીઓની સંખ્યા ૭૩૬૯૬૭ જેટલી છે.

### આરોગ્ય વર્ધક ઉકાળા પરબ

| ક્રમાંક | વર્ષ | લાભાર્થીઓની સંખ્યા |
|---|---|---|
| 1 | 2019 | 37127 |
| 2 | 2020 | 14827 |
| 3 | 2021 | 14576 |
| 4 | 2022 | 29200 |
| એકંદર લાભાર્થી | | 766167 |

### દર્દી સાધન સહાય કેન્દ્ર

| ક્રમાંક | વર્ષ | લાભાર્થીઓની સંખ્યા |
|---|---|---|
| 1 | 2019 | 795 |
| 2 | 2020 | 429 |
| 3 | 2021 | 811 |
| 4 | 2022 | 960 |
| એકંદર લાભાર્થી | | 11679 |

## દર્દી સાધન સહાય

પરિવારમાં આવતી બિમારીમાં દર્દી માટે જરૂરી સાધનો જેવા કે વૉટર બેડ, બગલ ઘોડી, વ્હિલ ચેર, વૉકર સ્ટિક, કમોડ ચેર, બેડ પેન, યુરિન પોટ, મુવિંગ કોટ વગેરે સાધનો વિનામૂલ્યે વાપરવા આપવામાં આવે છે. સ્વ. વાલીમા પ્રેમજીભાઈની પ્રેરણાથી શરૂ થયેલી આ સેવા ૪ વર્ષથી સ્વ. ફૂલચંદભાઈ તંબોલી ચેરિટેબલ ટ્રસ્ટની સહાયતાથી ચાલે છે. દર વર્ષે ૭૦૦થી વધુ જરૂરિયાતમંદો તેનો લાભ મેળવે છે. શ્રી બિપીનભાઈ તંબોળી દ્વારા દર્દી સહાય કેન્દ્રને આધુનિક સાધનો આપવામાં આવ્યા છે. ૨૦૧૯ થી ૨૦૨૨ સુધીમાં કુલ ૧૧૧૩૯ લાભાર્થીઓએ આ સેવાનો લાભ લીધો છે.

### સુશિલાબહેન રમણિકલાલ મહેતા આરોગ્ય સેન્ટર

| ક્રમાંક | વર્ષ | લાભાર્થીઓની સંખ્યા |
|---|---|---|
| 1 | 2018 થી 2022 | 15074 |
| | એકંદર લાભાર્થી | 15074 |

### ફિઝિયોથેરાપી સેન્ટર

| ક્રમાંક | વર્ષ | લાભાર્થીઓની સંખ્યા |
|---|---|---|
| 1 | 2017 થી 2022 | 19693 |
| | એકંદર લાભાર્થી | 19693 |

## શુભેચ્છકો લખે છે

### • પ્રા.શ્રી મનસુખભાઈ સલા (શિક્ષણવિદ્, કમિટિ અધ્યક્ષ, દર્શક ફાઉન્ડેશન)

પ્રિય નાનકભાઈ, દર્શક ફાઉન્ડેશનનો એવોર્ડ અર્પણ કાર્યક્રમ ખૂબ જ આયોજિત, વ્યવસ્થિત અને ઉષ્માપૂર્ણ રહ્યો. ભાગીદાર સૌ માટે કાર્યક્રમ યાદગાર બની રહ્યો. પૂજ્ય મોરારિબાપુની હાજરી, અન્ય સૌની પ્રતિભા, શિશુવિહાર અને લાભશંકરભાઈનું બહુઆયામી પ્રદાન આ સઘળું સૌ માટે આકર્ષક રહ્યું. લગભગ ૨૫૦થી વધુ શ્રોતાઓ હાજર રહ્યા. કેટલાક અમદાવાદથી અને અન્ય સંસ્થાઓમાંથી આવ્યા. ભાવનગરમાં કાર્યક્રમમાં હાર્દિકતા વધુ અનુભવાય છે. શિશુવિહારનાં કાર્યની વ્યાપક ધોરણે અને ઊંડાણથી નોંધ લેવાવી જોઈએ તેમ મને લાગતું હતું, એ પાર પડ્યું. એનો આનંદ છે. તમારી આખી ટીમે ખૂબ સરસ રીતે બધી જવાબદારી પાર પાડી એ માટે સૌને અભિનંદન પાઠવું છું.

એક વાત મેં મુ. ઈન્દ્રાબહેનને કહી હતી તે તમને પણ કહેવી જોઈએ. આદરણીય માનભાઈએ ચિર વિદાય લીધી પછી શિશુવિહારની શાન જરાય ઝાંખી ન પડી. ઉલટાનું અનેક દિશામાં નવપ્રયાણ થયું,

પ્રવૃત્તિઓમાં વ્યાપ અને ઊંડાણ જળવાયું અને તમારા કામની નોંધ લેવી જ પડે એવી ગૌરવપૂર્ણ સ્થિતિએ શિશુવિહાર પહોંચી એમાં પછીથી સૌથી મોટો ફાળો તમારો છે. તમે અન્યત્ર સમાજોપયોગી સરસ કામ કરતા હતા જ, પરંતુ બધુ છોડીને તમે શિશુવિહારમાં પલાઠી વાળી તેથી સંસ્થાનું તેજ વધ્યું. પરંપરાઓને પોષણ મળ્યું. સંસ્થા વાજબી રીતે વિસ્તરી. ભાવનગરનાં સ્મરણ સાથે શિશુવિહારનું સ્મરણ થાય એ ગૌરવાન્વિત કક્ષાએ તમે સંસ્થાને પહોંચાડી એ મને બહુ નોંધપાત્ર ઘટના લાગી છે. હાર્દિક અભિનંદન.

**• શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ (મુખ્યમંત્રી, ગુજરાત રાજ્ય)**

સ્નેહી શ્રી નટવરભાઈ, આપ દ્વારા સંપાદિત પુસ્તક ‘સ્વર્ગસ્થ પણ સૌનાં હૃદયસ્થ અનિલભાઈ શ્રીધરાણી’ અનન્ય ભેટરૂપે મળ્યાનો આનંદ છે. શિશુવિહાર સંસ્થાનાં દીર્ઘકાલિન સેવાર્થી શ્રી અનિલભાઈના બહુઆયામી વ્યકિતત્વને રજૂ કરતાં સરળ પ્રકરણો કે જે વાચકને લાગણી સભર તેમજ રસ તરબોળ કરે તેવાં છે. પિતૃઋણને અદા કરવાની અમૂલ્ય ખેવના સાથે ડૉ. રાહુલભાઈ અને તૃપ્તિબહેની અભિલાષાને અભિનંદન.

**• ડૉ. કાલિન્દીબહેન પરીખ (અધ્યક્ષઃ ગુજરાત લેખક મંડળ)**

‘શિશુવિહાર’ની સુવાસ ચોમેર ફેલાયેલ છે. અનેકવિધ પ્રવૃત્તિઓથી શિશુવિહાર હંમેશા ગુંજતું રહ્યું છે અને રહેશે. ‘દર્શક ઍવોર્ડ’ થી સન્માનિત થવા બદલ આપને તથા સમગ્ર ટીમને અભિનંદન. આ તબક્કે કહેવાનું મન થાય કે ઍવોર્ડ સ્વયં ધન્યતા અને ગૌરવ અનુભવતો હશે અને કેમ ન થાય! શિશુવિહારના પાયામાં માનભાઈ ભટ્ટનું તપ પડેલું છે. આપ સહુની નિષ્ઠા ધબકે છે. આથી જ ‘શિશુવિહાર’ તીર્થ સમુ બની રહ્યુ છે. જયાં પગ મૂકતાં જ પવિત્ર અને દિવ્ય આંદોલનો ઘેરી વળે છે. પુનઃ અભિનંદન અને શુભેચ્છાઓ.

**• પદ્મશ્રી ડૉ. એમ.એચ. મહેતા (વડોદરા)**

ઉત્કૃષ્ટ ‘શિશુવિહાર’ વધુ ને વધુ ચમકી રહ્યું છે અને એક સંસ્થા કેટલી સારી રીતે કામ કરી શકે છે અને સમાજ અને રાષ્ટ્રનું ભલું કરી શકે છે તેનું ઉદાહરણ સ્થાપિત થઈ રહ્યું છે. આપ સૌને શુભેચ્છા.

**• શ્રી સરયુબહેન પરીખ (ઓસ્ટિન, અમેરિકા)**

‘શિશુવિહાર’ની પ્રવૃત્તિઓનો અહેવાલ વાંચી ગર્વ અને આનંદ થયો. પૂજ્ય માનભાઈએ વાવેલ બીજ આજે વટવૃક્ષ થયું તેનું શ્રેય પ્રેમાળ માનવોને જાય છે.

**• શ્રી ઈલાબહેન મહેતા (અધ્યક્ષ-ઝંકાર, વડોદરા)**

શ્રી મનસુખભાઈ સલ્લાએ ‘શિશુવિહાર’ અંગે વ્યકત કરેલ વિચારો યથાયોગ્ય છે. ‘શિશુવિહાર’નું કામ ખરેખર ખૂબ સુંદર અને કાબિલે તારીફ

છે. પૂજ્ય ભાઈની જેમજ ભેખ ધરીને આ કામ સંસ્થા ટીમે ઉપાડી લીધું છે અને જેનું પરિણામ સહુ કોઈ જાણે છે. એવું પણ લાગે છે કે પહેલાંના 'શિશુવિહાર' કરતા આજનું શિશુવિહાર ઘણું વિકસિત થયેલું દેખાય છે. તેમાં એક ટીમ તરીકે સહુની મહેનત અને બલિદાનના દર્શન થાય છે અને બહારના લોકોને જે શિશુવિહાર જોવા મળે છે તેની સાચી કદર થાય છે, શુભાશિષ.

• **ડૉ. ભરતભાઈ ભગત (અધ્યક્ષ હેલ્થ એન્ડ કેર ફાઉન્ડેશન, અમદાવાદ)**

આપે મોકલેલા કેલેન્ડર અને 'શિશુવિહાર'ની પુસ્તિકા મળી છે. બાળકો દ્વારા પ્રાકૃતિક સ્વાસ્થ્યને લઈને ખૂબ સરસ કેલેન્ડર બન્યું છે. તમે આટલી બધી મહેનત કરો છો એ જાણીને મને પણ પ્રોત્સાહન મળે છે. તમારા લખાણમાં સાતત્ય અને પ્રવૃત્તિઓની નિયમિતતા ધ્યાન ખેંચે છે અને 'શિશુવિહાર' સંસ્થા વિશે પણ આધારભૂત રીતે વિગતો મુકાય છે.

• **ડૉ. રાધેકાન્ત દવે (કોર્નલ ન્યુયોર્ક)**

'શિશુવિહાર' ટીમના મિત્રો તમારા સંસ્થાગત સુંદર કાર્ય અંગે અભિનંદન અને શુભેચ્છાઓ સાથે કવિ રોબર્ટ ફ્રોસ્ટની કવિતાની ચાર પંક્તિઓ ટાંકુ છુ. (I ની બદલે YOU લખ્યું છે. )

The woods are lovely, dark and deep But "you" have promises to keep, and miles to go before "you" sleep and miles to go before "you" sleep .

• **શ્રી કુસુમબહેન દવે (કોર્નલ-ઈથાકા ન્યુયોર્ક)**

મારા પૂજ્ય બા (હીરાબહેન)ની સ્મૃતિમાં બહેનોનાં કૌશલ્યવર્ધનનું કાર્ય થાય છે તે અનુકરણીય છે. આ વર્ષે પ્લાસ્ટિક વેસ્ટનો ક્રિએટીવ યુઝ. બહુ જ સરસ આઈડિયા 'શિશુવિહાર' દ્વારા દરેક પ્રવૃત્તિઓ વિકસતી જાય છે અને તેનો લાભ જરૂરિયાતમંદ લોકોને અને ઉગતી પેઢીને પગભર કરવામાં મદદરૂપ બની રહી છે એવું ગૌરવ છે. તમને બધાને અનેકાનેક અભિનંદન.

• **શ્રી કિશોરભાઈ જોષી (ટીવી કેન્દ્ર, અમદાવાદ)**

આપના તરફથી શિશુવિહારની સમગ્રલક્ષી પ્રવૃત્તિઓને આવરી લેતુ સાહિત્ય આજે મળ્યું. 'શિશુવિહાર' સામયિક તો મને નિયમિત મળે જ છે. આપે આ રીતે મને પણ 'શિશુવિહાર' સાથે જોડયો તેનો આનંદ છે. 'લોકસમર્પિત રાજવી મહારાજા શ્રી કૃષ્ણકુમારસિંહજી' શીર્ષક અંતર્ગત દૂરદર્શન કેન્દ્ર, અમદાવાદ પરની મારી એક ડોકયુમેન્ટરીમાં 'શિશુવિહાર'ને મેં સમાવેલું છે. ભાવનગર મારું પ્રિય નગર છે. 'શિશુવિહાર'નાં ગૌરવ સ્થાપન સમારોહ નિમિત્તે સહુને મળતા આનંદ થયો. સાદર પ્રણામ.

**• શ્રી પ્રા. ડૉ. રાવળ (અધ્યક્ષ-ગુજરાતી વિભાગ, ગુજરાત યુનિવર્સિટી ટ્રસ્ટી દર્શક ફાઉન્ડેશન)**

આપના કાર્યકર ભાઈ-બહેનોનાં સતત સહકારથી ‘દર્શક ઍવોર્ડ’ સરસ રીતે સંપન્ન થયો. આપે ઉત્તમ આતિથ્ય, આપેલું માર્ગદર્શન કેમ ભૂલાય? આપનો દર્શક ફાઉન્ડેશન વતી આભાર અને અભિનંદન વ્યક્ત કરું છું.

**• શ્રી અમિનભાઈ ચૌહાણ (અધ્યક્ષઃ વળાવડ)**

‘શિશુવિહાર’ સંસ્થાનો ‘શ્રી મનુભાઈ પંચોળી દર્શક ફાઉન્ડેશન ઍવોર્ડ’ અર્પણ કાર્યક્રમ પરમ પૂજ્ય મોરારિબાપુના અધ્યક્ષ સ્થાને યોજાયેલ સમગ્ર કાર્યક્રમનું સાતત્ય અને પ્રાસંગિક વક્તવ્ય ખરા અર્થમાં પ્રસંગોચિત રહ્યા. સમયની સભાનતા સાથે પૂર્ણ થયેલ કાર્યક્રમ અને પહેલેથી જ તેની વક્તાઓ અને શ્રોતાઓને જાણકારી આપવાનો વિચાર કાર્યક્રમોનું સંચાલન કરનારાઓ માટે માર્ગદર્શક બની રહ્યો. સંપૂર્ણ આયોજન જ્ઞાનવર્ધક અને માણવા લાયક રહ્યું. સંસ્થાની પૂરી ટીમ અને દર્શક ફાઉન્ડેશનનાં ટ્રસ્ટીશ્રીઓને અભિનંદન.

**• શ્રી રમેશભાઈ સંઘવી (અધ્યક્ષ-ગ્રામ સ્વરાજ સંઘ, નિલપર)**

‘શિશુવિહાર’ નિયમિત મળે છે અને ત્યાંના વ્યાપક ફલક પરના કાર્યક્રમોથી પ્રેરણા-ઉર્જા મળે છે. હૃદયથી અભિનંદન. છેલ્લાં થોડાં સમયથી વિચાર આવે છે ખાસ કરીને બાળકો, યુવાનો, કાર્યકરો, કર્મશીલો માટે જીવન ઘડનારનાં કાર્યક્રમો સાતત્યપૂર્ણ રીતે અને અવૈધિક રીતે આવતા રહેવા જોઈએ. મુખ્યત્વે વિવિધ શિબિરો, પદયાત્રા આદિ કામ મોટું છે, પણ વ્યાપક સાથ-સહકાર-સમર્થનનથી તે યોજી શકશે તેવી સ્પૃહા છે. તમે પણ આ કામમાં સહયોગ આપી શકો, શિશુવિહાર પરિવારને જય જગત.

**• શ્રી યશવંતરાય પંડયા (પી.જી.વી.સી.એલ., રાજકોટ)**

સ્વાતંત્ર્ય અમૃત મહોત્સવ શ્રી માનભાઈ ભટ્ટ સ્મારક નાગરિક સન્માન વર્ષ ૨૦૨૧-૨૨માં ૭૫ સંસ્થાઓ કે જે બાળ યુવા, વૃદ્ધ સૌના જીવનમાં વિવિધ સેવાઓ દ્વારા કાર્યરત રહી પ્રકાશ પાથરે છે. તે સેવાના વિચારો રૂપ બીજ વાવેતર કરનાર અને સેવાક્ષેત્રના ભેખધારીઓ સંસ્થા સંવર્ધન સ્વરૂપે જે સેવાઓ આપે છે તે અદ્દભૂત છે સરાહનીય છે, વંદનીય છે. કોઈ સંસ્થા શિક્ષણ કોઈ વૃદ્ધજન, કોઈ વિકલાંગ-દિવ્યાંગ, મંદબુદ્ધિ, ત્યક્તા, વિધવા, ગૌ સેવા. પ્રાણીમાત્રની સેવામાં વ્યસ્ત છે. જેમાંથી અન્યને પ્રેરણા મળે અને આ દેહનું કંઈ સદકાર્યમાં ઉપયોગિતા મૂલ્ય થાય તો સાર્થક ગણાય. આર્થિક યોગદાન આપતા દાતાઓ તો વંદનને પાત્ર છે જ, પરંતુ સમયનું યોગદાન આપી જે કાર્ય કરવામાં આવે છે તે પણ એટલા

જ વંદનપાત્ર છે. આ બધી વ્યકિતઓએ સંસ્થાઓને બિરદાવીને શિશુવિહાર સંસ્થા દ્વારા એક ભગીરથ કાર્ય થયું છે. સંસ્થા પણ એક આગવું અને અનેરું કાર્ય કરે છે. જે અન્યને તથા અન્ય સંસ્થાઓને પણ પ્રેરણાદાયક છે. સન્માનથી કાર્યકરોને ઉત્સાહ અનેરો અનેકગણો વધે છે. કાર્યની યોગ્યનોંધ અને કદર થયાનો એહસાસ થાય છે. એ સ્વાભાવિક છે. તેઓ પણ બીજા સેવાભાવી સેવકો ઉભા કરવામાં સહભાગી બને છે. સંસ્થા ઉતરોતર પ્રગતિના સોપાનો સર કરતી રહે તેવી શુભેચ્છા.

**• શ્રી કાંતિભાઈ પરસાણા (અધ્યક્ષ, લોક સેવા સંઘ, થોરડી)**

શ્રી હીરાબહેન માનભાઈ ભટ્ટ પરિવાર તરફથી નઈ તાલીમની સંસ્થાઓમાં અભ્યાસ કરતી ગરીબ પરિવારની બહેનોને આર્થિક સહયોગ તથા કીટ વિતરણની વિગતોનો પત્ર મળ્યો છે, ગયા વખતે બાબાપુર અને લોકશાળા મણાર ખાતે કાર્યક્રમ હતો તે મુજબ આ વખતનો ૨૨મી જૂનનો કાર્યક્રમ અમારે ત્યાં 'સર્વમંગલ સંકુલ' થોરડીમાં રાખવા અમારું ભાવભીનું નિમંત્રણ છે. તો સ્વીકારી આભારી કરશોજી. ગામડાંઓની દીકરીઓને શિક્ષણ કાર્યમાં મદદ પહોંચાડવાની આપની લાંબાગાળાની ખેવનાને ધન્યવાદ. બદલાતી પરિસ્થિતિમાં દીકરીઓને હૉસ્ટેલમાં રહીને ભણવું પડે છે તે સ્થિતિ પણ સેવા ક્ષેત્રે પડેલા લોકોએ વિચારવું પડશે.

## અભિનંદન



• ઈન્ડિયન ઈન્સ્ટીટ્યૂટ ઑફ ટીચર ઍજ્યુકેશન ગુજરાતનાં વિદ્યાર્થિનીશ્રી **ખુશી ઓઝા**એ 'પર્યાવરણ શિક્ષણ' અને 'શિશુવિહાર' વિષયે ડેઝર્ટેશન તૈયાર કર્યું છે.



• સંસ્થાનાં કાર્યકર શ્રી મનિષા કણબીની સુપુત્રી **રિમઝિમ કણબી**એ ધોરણ ૧૦માં **98.09%tile** મેળવી સમગ્ર ગુજરાતમાં અગ્રક્રમ જાળવ્યો છે.બંને વિદ્યાર્થિનીઓને અભિનંદન

# શિશુવિહાર સંસ્થા દ્વારા બાળ પુસ્તકાલય અંતર્ગત પરીખ ફાઉન્ડેશનનાં સહયોગથી તૈયાર થયેલ જૂન ૨૦૨૩થી મે ૨૦૨૪ માટેનું ‘પ્રાકૃતિક આરોગ્ય’ વિષયે બાળ ચિત્રોનું કૅલેન્ડર




ભૂમિકા ચુડાસમા



પૂજા અણજારા



મોહિત રાઠોડ



શિવાંગી અંધારિયા



અર્ચના જાટવ



સીતા સોલંકી



ભૂમિકા મીઠાપરા



પ્રદીપ બારૈયા



સનાફાતેમા મહેતર



ક્રિષ્ના ગોહેલ



આશિયા ભાડુલા



સાફિયા સૈયદ

**કૅલેન્ડર પ્રાપ્તિ કિંમત રૂ.૧૦૦ સંપર્ક નં. ૯૮૨૪૫૧૫૯૯૫**

REGN.No.BVHO/46/2022-2024 • RENEWED UPTO Dt.31/12/2024
RNI REGISTRATION No. GUJGUJ/2009/30760
Posted at Bhavnagar RMS 17th Every Month

સંસ્થાને અપાતી આર્થિક સહાય 80-G(5) નીચે કરમુક્ત છે,
12A: 01- sub Clause (i) of clause (ac) of sub-section (1) of section 12A Dated 24/9/2021
80-G: 11-Clause (i) of first proviso to sub-section (5) of section 80G Dated 24/9/2021
PAN No.: AACTS4389Q
CSR Regi. No.: CSR00015366 Dated 27/9/2021

બેંકની વિગતો
નામ: '**શિશુવિહાર**'
SBI નેટબેન્કિંગ અકાઉન્ટ નંબર: 32899173982
IFS Code: SBIN0060009
UPI ID : SHISHUVIHAR@SBI

SCAN & PAY

UPI QR CODE

જો આપ UPI ID અથવા QR કોડ સ્કેન કરીને સહાય મોકલી રહ્યા છો તો આપનું નામ, **PAN** નંબર, સરનામું તથા મોબાઈલ નંબર શિશુવિહારના Mo.7043332100 ઉપર મોકલી આપવા વિનંતી છે.

Shishuvihar Bhavnagar
Shishuvihar
Shishuvihar Bhavnagar
Shishuvihar

પરામર્શ સમિતિ: સર્વશ્રી ઈન્દિરાબહેન ભટ્ટ, અનિલભાઈ બોરીચા, દક્ષાબહેન ગોહેલ, મનિષા કણબી, ભાવનાબહેન પંડ્યા, હીનાબહેન ભટ્ટ

To.

PRINTED, PUBLISHED AND EDITED BY DR. NANAKBHAI M. BHATT ON BEHALF OF SHISHUVIHAR PUBLISHED AT SHISHUVIHAR, NORTH KRISHNANAGAR, BHAVNAGAR (GUJARAT) AND PRINTED AT VANSHIKA FORMS, F-12, SANGHVI PLASTIC COM., B/H. BOMBAY SHUTTLE, TEKARI CHOWK, RUVAPARI ROAD, BHAVNAGAR, PIN: 364001. (GUJARAT) INDIA